ઉંદરા અને નંદગામના યુવાનોએ વાહનોની હવા કાઢી, ચાવીઓ આંચકી લેતા ભૂમાફિયાઓ વાહનો મૂકી ભાગ્યા

મહોર નદીમાં બેફામ ખનનથી રોષે ભરાયેલા ગ્રામજનોની રાત્રે 'જનતારેડ'

સવારે ફરી ખનનનો પ્રયાસ થતાં સતર્ક સ્થાનિકોએ માફિયાઓને તગેડ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૬

મહુધા તાલુકાના ઉંદરા અને નંદગામ પાસેથી પસાર થતી મહોર નદીમાં લાંબા સમયથી ચાલી રહેલા ગેરકાયદેસર રેતી ખનન સામે આખરે સ્થાનિક ગ્રામજનોનો રોષ ફાટી નીકળ્યો છે. ખાણ ખનીજ વિભાગની નિષ્ક્રિયતાથી કંટાળીને લોકોએ જાતે નદીના પટમાં 'જનતા રેડ' પાડીને રાતોરાત ખનન પ્રવૃત્તિ અટકાવી દીધી હતી અને બીજા દિવસે સવારે પણ મશીનો સાથે આવેલા ભૂમાફિયાઓનો ઉગ્ર વિરોધ કરી તેમને હાંકી કાઢ્યા હતા. આ ભૂખનનથી પર્યાવરણ અને ખેતીલાયક જમીનના ધોવાણનો ભય ગ્રામજનોએ વ્યક્ત કર્યો હતો.

મહોર નદીમાં છેલ્લા કેટલાક સમયથી જેસીબી અને ટ્રેક્ટરો મારફતે રાત્રિના અંધકારમાં ગેરકાયદેસર રીતે બેરોકટોક રેતી ઉલેચવામાં આવી રહી હતી. આ અંગેની જાણ થતાં ઉંદરા અને નંદગામના ગ્રામજનો મોટી સંખ્યામાં એકત્ર થઈને રાત્રે જ નદીના પટમાં ધસી ગયા હતા. અચાનક આવી પહોંચેલા લોકોના ટોળાને જોઈને

ગેરકાયદે ખનન કરતા તત્વોમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

રોષે ભરાયેલા લોકોએ ખનન માટે લાવેલા ટ્રેક્ટરોની ચાવીઓ આંચકી લીધી હતી અને બાકીના વાહનોના ટાયરોમાંથી હવા કાઢી નાખી હતી. પરિસ્થિતિ વધુ વણસતી જોઈને ભૂમાફિયાઓ જેમતેમ કરીને પોતાના ૨ થી ૩ વાહનો લઈને રાતોરાત ત્યાંથી ભાગી છૂટ્યા હતા.

આશ્ચર્યજનક બાબત એ છે કે, રાત્રે આટલી મોટી બબાલ થઈ હોવા છતાં, મંગળવારની સવારે ખનન માફિયાઓ ફરી એકવાર મશીનો લઈને ગેરકાયદેસર ખનન કરવા નદીના પટમાં આવી પહોંચ્યા હતા. જોકે, ગ્રામજનો પણ અત્યંત સતર્ક હોવાથી તેઓ તુરંત ઘટનાસ્થળે દોડી ગયા હતા અને ઉગ્ર વિરોધ કરીને ખનન પ્રવૃત્તિ અટકાવી માફિયાઓને ત્યાંથી તગેડી મૂક્યા હતા. આ ઘટનાના ગામમાં ઘેરા પડઘા પડ્યાં હતાં.

કુદરતી વહેણ બદલાવાનો મોટો ખતરો

સ્થાનિક લોકોના આક્ષેપ મુજબ, મહુધા પંથકમાં વ્યાપક ખનીજ ચોરી પાછળ મજબૂત રાજકીય પીઠબળ કામ કરી રહ્યું છે. આ જ કારણે ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ કોઈ નક્કર કાર્યવાહી કરવાને બદલે આંખ આડા કાન કરીને મૂક પ્રેક્ષક બની બેઠા છે, જેનાથી લોકોમાં ભારે આક્રોશ છે. આડેધડ થઈ રહેલા આ ખનનથી નદીના કુદરતી વહેણને મોટું નુકસાન પહોંચ્યું છે, જેના કારણે ચોમાસામાં પૂર આવવાની અને કાંઠા વિસ્તારની ખેતીલાયક ફળદ્રુપ જમીનનું મોટાપાયે ધોવાણ થવાની ભીતિ સેવાઈ રહી છે.

ધુવારણમાં સાત હજાર મેગાવોટના ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટની તૈયારી

અંદાજે ૧.૨૫ લાખ કરોડથી ૨.૨૫ લાખ કરોડના ઐતિહાસિક રોકાણની શક્યતા

(પ્રતિનિધિ) આણંદ તા.૨૬

ગુજરાતમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ, ગ્રીન હાઈડ્રોજન, ડેટા સેન્ટર્સ અને ઈલેક્ટ્રિક મોબિલિટી જેવા આધુનિક ઉદ્યોગોના ઝડપી વિકાસને કારણે ભવિષ્યમાં વીજળીની માંગમાં મોટો ઉછાળો આવવાની સંભાવના છે. આ વધતી માંગને પહોંચી વળવા કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પરમાણુ ઊર્જા ક્ષેત્રે એક ઐતિહાસિક અને અભૂતપૂર્વ આયોજન હાથ ધરવામાં આવ્યું છે, જે ગુજરાતને ઊર્જા ક્ષેત્રે વધુ મજબૂત અને આત્મનિર્ભર બનાવશે.

આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના ધુવારણ ખાતે સ્થાપિત થનારા આ દેશના સૌથી મોટા ન્યુક્લિયર પાવર કોમ્પ્લેક્સની પ્રસ્તાવિત ક્ષમતા ૪,૨૦૦ મેગાવોટથી લઈને ૭,૦૦૦ મેગાવોટ સુધીની હોવાની શક્યતા છે. પ્રતિ મેગાવોટ આશરે ૩૫ કરોડના ખર્ચને ધ્યાનમાં લેતા, આ પ્રોજેક્ટમાં અંદાજે ૧.૨૫ લાખ કરોડથી ૨.૨૫ લાખ કરોડ સુધીનું રોકાણ થઈ શકે છે, જે ગુજરાતના વીજ ક્ષેત્રમાં અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ સાબિત થશે.

આ વિશાળ મેગા પ્રોજેક્ટ માટે ધુવારણ ખાતે ૧,૧૦૦ હેક્ટર જમીન પહેલેથી જ ઉપલબ્ધ છે. ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ અને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડના આ જોઈન્ટ વેન્ચર માટે ટેકનોલોજી, સિસ્મિક (ભૂકંપિય) સ્થિતિ અને કુલિંગ વૉટરની ઉપલબ્ધતા અંગે વિગતવાર અભ્યાસ પણ શરૂ કરી દેવાયો છે. આ ઉપરાંત, રાજ્ય સરકારે પ્રોજેક્ટની શક્યતા ચકાસવા માટે ઉચ્ચ-સ્તરીય સમિતિ અને કાર્યકારી સમિતિની રચના કરી છે.

રાજ્યની પરમાણુ ઊર્જા ક્ષમતામાં વધારો

હાલમાં ગુજરાતમાં તાપી જિલ્લાનું કાકરાપાર પાવર સ્ટેશન કાર્યરત છે, જેની કુલ ક્ષમતા ૧,૮૪૦ મેગાવોટ છે. ધુવારણ ખાતે આ નવો પ્રોજેક્ટ સાકાર થવાથી ગુજરાતની પરમાણુ ઊર્જા ક્ષમતામાં અભૂતપૂર્વ ઉછાળો આવશે અને રાજ્યના ઔદ્યોગિક વિકાસને એક નવી ઊંચાઈ મળશે.

પાલનપુરના કહેવાતા એડવાઈઝર સહિત ત્રણ ઠગોએ મેનેજરને જાળમાં ફસાવ્યા

નડિયાદના યુવક સાથે ૧૩ લાખની ઠગાઈ

ખાનગી કંપનીના મેનેજરનું નકલી ડીમેટ એકાઉન્ટ ખોલી ભેજાબાજો રકમ ખંખેરી ગયા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૬

નડિયાદના મિશન રોડ પર રહેતા અને એક ખાનગી કંપનીમાં એરિયા મેનેજર તરીકે ફરજ બજાવતા યુવાનને શેરબજારમાં ૩૦ ટકા જેટલા ઊંચા વળતરની લાલચ આપી સાયબર ઠગોએ રૂ. ૧૩.૪૦ લાખની છેતરપિંડી આચરી છે. ગઠિયાઓએ જાણીતી કંપનીના નામે બોગસ ડીમેટ એકાઉન્ટ ખોલી અને ખોટા સ્ક્રીનશોટ મોકલી કટકે કટકે અલગ-અલગ બેન્ક ખાતામાં રકમ ટ્રાન્સફર કરાવી લીધી હતી. ભોગ બનનારે ખેડા સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

નડિયાદના મિશન રોડ સ્થિત રૂષિ રેસીડન્સીમાં રહેતા ફ્રાન્સિસકુમાર ફિલિપભાઈ ક્રિશ્ચિયન સ્થાનિક ખાનગી કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરે છે અને ઘરેથી શેરબજારમાં રોકાણ કરે છે. આશરે છ મહિના પહેલા તેમના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી રાહુલ નામના ગઠિયાનો ફોન આવ્યો હતો, જેણે પોતાનું વતન પાલનપુર હોવાનું જણાવી પોતાની ઓળખ માર્કેટ એડવાઈઝર તરીકે આપી રોકાણ પર ૨૦ થી ૩૦ ટકા નફો કમાઈ આપવાની ખાતરી આપી હતી. શરૂઆતમાં વિશ્વાસ કેળવ્યા બાદ અન્ય બે સાગરીતો રવિન્દ્રભાઈ અને સુરજભાઈએ પણ તેમનો સંપર્ક કર્યો હતો. આ ઠગોએ ફરિયાદીના પાનકાર્ડ સહિતના દસ્તાવેજો મેળવી અમદાવાદની જાણીતી 'કુવરજી એન્ડ ગ્રુપ'માં ઓફલાઈન બ્રોકરેજ એકાઉન્ટ ખોલ્યું હોવાનું જણાવી એક બોગસ કેવાયસી પીડીએફ ફાઈલ મોકલી આપી હતી, પરંતુ કોઈ આઈડી કે પાસવર્ડ આપ્યા ન હતા અને માર્જિન પેટે રૂપિયાની માંગણી કરી હતી.

આ કેસમાં ભેજાબાજોએ જુલાઈ મહિનામાં વિપ્રો, મારુતિ અને ડિક્સન જેવી કંપનીઓના શેર ખરીદ્યા હોવાના ખોટા સ્ક્રીનશોટ મોકલી સારો નફો થતો હોવાનો દેખાવ કર્યો હતો. શેર ખરીદવા અને માર્જિન પેટે સુરજભાઈ નામના ગઠિયાએ કેનેરા બેન્ક અને બેન્ક ઓફ બરોડાના એકાઉન્ટ નંબર આપી તેમાં નાણાં જમા કરાવવા દબાણ કર્યું હતું. આથી, વિશ્વાસમાં આવીને ફ્રાન્સિસકુમારે ૧૭મી જુલાઈથી ૨૯ જુલાઈ વચ્ચે કુલ રૂ. ૧૩.૪૦ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરી દીધા હતા.

નાણાં ટ્રાન્સફર કર્યા બાદ ઠગોએ શનિવારે પેમેન્ટ મળી જશે તેવા વાયદા કર્યા હતા પરંતુ વધુ નાણાંની માંગણી ચાલુ રાખતા ફરિયાદીને શંકા ગઈ હતી. તેમણે અમદાવાદ કુવરજી ગ્રુપની ઓફિસે તપાસ કરતા આવું કોઈ એકાઉન્ટ ન હોવાનું સામે આવ્યું હતું. આખરે, છેતરપિંડીનો અહેસાસ થતા ૧૯૩૦ હેલ્પલાઈન પર જાણ કર્યા બાદ ખેડા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ત્રણ મોબાઈલ નંબર અને બે બેન્ક એકાઉન્ટ ધારકો સામે ગુનો નોંધાવવામાં આવ્યો છે.

આણંદની ૪ પાલિકાના સીઓની બદલી

નવરચિત તારાપુર નગરપાલિકાના થોડા સમય અગાઉ જ નિયુક્ત થયેલ કૈલાસ પ્રજાપતિની બારેજા ખાતે બદલી

(પ્રતિનિધિ) આણંદ તા ૨૬

આણંદ જિલ્લાની ચાર નગરપાલિકાના ચીફ ઓફિસરની બદલી કરાઈ છે. ત્રણ વર્ષથી એક જ જગ્યાએ ફરજ બજાવતા ચીફ ઓફિસરોની લાંબા સમય બાદ બદલીઓ કરવામાં આવી છે.જેમાં બોરસદના ચીફ ઓફિસર વિરાજ શાહની ડભોઈ ખાતે બદલી કરવામાં આવી છે. તેમની ખાલી જગ્યા પર દહેગામ નગરપાલિકાના ઉમા રામીણાની નિમૂણૂક કરવામાં આવી છે, જ્યારે ખંભાત નગરપાલિકાના સીઓ વિશાલ પટેલને કલોલ નગરપાલિકામાં જ્યારે ડભોઈ નગરપાલિકાના ચીફ ઓફિસર જયકિશન તડવીને ખંભાત નિયુક્ત કરવામાં આવ્યા છે. તેવી જ રીતે ઉમરેઠ નગરપાલિકામાં છેલ્લા ઘણા વર્ષોથી ફરજયુક્ત મહિલા ચીફ ઓફિસર ભારતીબેન સોમાણીની બદલી શહેરા નગરપાલિકા ખાતે કરવામાં આવી છે. જ્યારે નવરચિત તારાપુર નગરપાલિકાના થોડા સમય અગાઉ જ નિયુક્ત થયેલ કૈલાસ પ્રજાપતિની બારેજા ખાતે બદલી કરાઈ છે. જો કે તેઓની ખાલી જગ્યા ઉપર અન્ય કોઈ અધિકારીની નિર્મણૂંક ન કરતા જગ્યા ખાલી રહી છે.

અત્રે નોંધનીય છે કે આણંદ જિલ્લાની વિવિધ નગરપાલિકાઓમાં ફરજ બજાવી ચુકેલા ચોટીલાના ચીફ ઓફિસર વિપુલ પનારાને પુનઃ આણંદ જિલ્લામાં ઉમરેઠ નગરપાલિકાની જવાબદારી સોંપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી વર્ષ 2027ના અંતમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. આ ચૂંટણીને ધ્યાનમાં રાખીને હાલ અધિકારીઓની બદલીનો દોર શરૂ થયો છે. ખાસ કરીને એક સ્થળે ત્રણ કે તેથી વધુ વર્ષથી ફરજ બજાવતા અધિકારીની બદલી કરી આચાર સંહિતનો ભંગ ન થાય તેની તકેદારી રાખવામાં આવી રહી છે.

આણંદ જિલ્લામાં તહેવારો નિમિત્તે ફૂડ વિભાગ એક્શન મોડમાં આવ્યું

આણંદમાં ૨૪ ખાદ્ય નમૂનાનું સ્થળ પર ચેકિંગ, ૮ પેઢીને નોટિસ

મીઠાઈ, માવા અને ડેરી પ્રોડક્ટ્સના ઉત્પાદકોને ત્યાં તપાસ

૨૦ કાયદેસરના નમૂનાઓ લેબોરેટરી પરીક્ષણ માટે લેવાયા

(પ્રતિનિધિ) આણંદ તા. ૨૬

આણંદ જિલ્લામાં આગામી તહેવારોની સિઝનમાં નાગરિકોને શુદ્ધ, સલામત અને ગુણવત્તાયુક્ત ખાદ્ય સામગ્રી મળી રહે તે માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. તબીબી અધિકારીઓ અને સેફ્ટી ઓફિસરોની ટીમો દ્વારા જિલ્લામાં મીઠાઈનું ઉત્પાદન તથા વેચાણ કરતા એકમો, હોટેલ, રેસ્ટોરન્ટ અને કેન્ટીન ખાતે સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.

આ તપાસ પ્રક્રિયા દરમિયાન સ્થળ પર જ તાત્કાલિક પરિણામ મેળવવા માટે 'ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ' વાનના કેમિસ્ટ દ્વારા વિવિધ મીઠાઈઓ, કાજુ કતરી તથા માવાના ૨૪ જેટલા નમૂનાઓનું ઓન-ધ-સ્પોટ પરીક્ષણ કરવામાં આવ્યું હતું . આ ઉપરાંત, ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા લેબોરેટરી વિશ્લેષણ માટે મીઠાઈ, દૂધ, પનીર અને પેંડાના ૧૬ તેમજ હોટેલ-રેસ્ટોરન્ટમાંથી તૈયાર ખોરાકના ૪ મળીને કુલ ૨૦ કાયદેસરના નમૂનાઓ એકત્રિત કરવામાં આવ્યા છે, જેમના અહેવાલ આવ્યા બાદ કાયદેસરની કાર્યવાહી કરાશે.

આ તપાસ દરમિયાન ખાદ્ય ચીજોના સંગ્રહ, હેન્ડલિંગ અને સ્વચ્છતાના ધોરણોમાં નિયમોનું ઉલ્લંઘન અને ખામીઓ જણાતા વિભાગ દ્વારા કુલ ૮ પેઢીઓને 'ઈમ્પ્રુવમેન્ટ નોટિસ' ફટકારવામાં આવી છે. સંબંધિત વેપારીઓને નિયત સમયમર્યાદામાં સુધારાત્મક પગલાં ભરીને જવાબ રજૂ કરવા આદેશ કરાયો છે.

જો વેપારીઓ સમયસર સુધારો નહીં કરે, તો 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટેન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬' હેઠળ કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. ફૂડ વિભાગે સ્પષ્ટ કર્યું છે કે, ભેળસેળિયા તત્વો પર લગામ લગાવવા માટે આવી આકસ્મિક તપાસ આગામી દિવસોમાં પણ સતત ચાલુ રહેશે.

પાંદડ ગામમાં ૧.૬૩ લાખની મત્તાની ચોરી

(પ્રતિનિધિ) ખંભાત તા.૨૬

ખંભાત તાલુકાના પાંદડ ગામે સોમવારની રાત્રે તસ્કરોએ તરખાટ મચાવી એક બંધ ઘર અને નજીકની દૂધ ડેરીને નિશાન બનાવી કુલ રૂ. ૧.૬૩ લાખની ચોરી કરી છે.

પાંદડ ગામના પ્રજાપતી વાસમાં રહેતા બળદેવકુમાર વાટલીયાનો પરિવાર રક્ષાબંધન પર્વ નિમિત્તે બહારગામ ગયો હતો. આ સમયગાળા દરમિયાન ચોરોએ મકાનની પાછળના ભાગે લોખંડની જાળી તોડીને ઘરમાં પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ ઘરની તિજોરીનું ગુપ્ત ખાનું તોડી તેમાંથી સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૮૩ હજારના દાગીનાની ચોરી કરી હતી. બાદમાં ચોરોએ ઘરની નજીક જ આવેલી પાંદડ દૂધ ડેરીના દરવાજાનો નકચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ત્યાંની તિજોરીમાંથી રૂ. ૮૦ હજારની રોકડ રકમની ચોરી કરી હતી. આ સમગ્ર ઘટના અંગે ખંભાત રૂરલ પોલીસે ગુનો નોંધ્યો છે.

પાડગોલના દિવ્યાંગ યુવાને KBCની હોટ સીટ ગજવી

બંને પગની દિવ્યાંગતાને માત આપી મહાનાયક અમિતાભ બચ્ચન સામે રમત રમી

(પ્રતિનિધિ) આણંદ તા. ૨૬

જીવનમાં આવતી મુશ્કેલીઓને પોતાની તાકાત બનાવીને નવી ઓળખ ઊભી કરનાર આણંદ જિલ્લાના પાડગોલ ગામના વતની કિશનભાઈ દરજીની સંઘર્ષગાથા હવે દેશભરના લોકો સુધી પહોંચી છે. બંને પગની દિવ્યાંગતા ધરાવતા આ સંઘર્ષશીલ યુવાને પોતાના જ્ઞાન અને હિંમતના બળે દેશના લોકપ્રિય ટેલિવિઝન શો 'કૌન બનેગા કરોડપતિ' (KBC) ની હોટ સીટ સુધી પહોંચીને એક અનોખી સિદ્ધિ હાસિલ કરી છે. અમિતાભ બચ્ચન સાથેનો કિશનભાઈનો આ ખાસ એપિસોડ ૨૬મી ઓગસ્ટના રોજ સફળતાપૂર્વક પ્રસારિત થઈ ચૂક્યો છે.

આણંદના વતની દિલીપભાઈ અને પરીતાબેન દરજીના પુત્ર કિશનભાઈ માટે કેબીસીની હોટ સીટ સુધી પહોંચવાનો માર્ગ ખૂબ જ રસપ્રદ રહ્યો છે. તેમણે સૌપ્રથમ ઓનલાઈન પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક

જવાબો આપ્યા બાદ મુંબઈના અંધેરી ખાતે વિશેષ પ્રશ્નોત્તરી અને ઈન્ટરવ્યુ આપ્યો હતો. ત્યાં પોતાના પ્રભાવશાળી આત્મવિશ્વાસને કારણે તેઓ પસંદગી પ્રક્રિયામાં આગળ વધ્યા હતા. મુંબઈના શૂટિંગ સ્ટુડિયોમાં મહાનાયક અમિતાભ બચ્ચન સામે બેસીને પ્રશ્નોત્તરી રમવાની સાથે તેમની સાથે કરેલો સંવાદ અને કલાકારી કિશનભાઈ માટે સદા યાદગાર બની રહ્યા છે.

કિશનભાઈની આ સફળતા માત્ર એક ટીવી શોમાં પહોંચવા પૂરતી સીમિત નથી, પરંતુ શારીરિક મર્યાદાઓ સામે અડગ મનોબળની ભવ્ય જીત દર્શાવે છે. આ ખાસ એપિસોડના સફળ પ્રસારણ સાથે જ પાડગોલ ગામ સહિત સમગ્ર આણંદ જિલ્લામાં ભારે ઉત્સુકતા અને ગર્વનો માહોલ જોવા મળ્યો હતો.